# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ 2023-24**
**ધોરણ-10 : સામાજિક વિજ્ઞાન**
**વાર્ષિક પરીક્ષા**

**સમય : 3 કલાક** **પ્રશ્નપત્રનું પરિરૂપ** **કુલ ગુણ : 80**

**નોંધ :** આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન(A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન/વિશ્લેષણ | અનુમાન/મૂલ્યાંકન | |
| ગુણ | 16 | 40 | 15 | 5 | 4 | 80 |
| ટકા (%) | 20 % | 50% | 18.75 % | 6.25 % | 5 % | 100% |

**પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના | જનરલ વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 24 | 24 | 24 |
| 2. | ટૂંકા જવાબી પ્રશ્નો (SA-I) | 09 | 13 | 18 |
| 3. | ટૂંકા જવાબી પ્રશ્નો (SA-II) | 06 | 09 | 18 |
| 4. | લાંબા પ્રશ્નો (LA) | 05 | 08 | 20 |
| | કુલ | **44** | **54** | **80** |

**પ્રકરણ દીઠ ગુણભાર :**

| ક્રમ | પાઠ / પ્રકરણનું નામ | પ્રકરણદીઠ ગુણભાર | |
|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના ગુણ | જનરલ વિકલ્પ સાથે ગુણ |
| 1. | ભારતનો વારસો | 03 | 05 |
| 2. | ભારતનો સાંસ્કૃતિક વારસો પરંપરાઓ: હસ્ત અને લલિતકલા | 03 | 05 |
| 3. | ભારતનો સાંસ્કૃતિક વારસો : શિલ્પ અને સ્થાપત્યકલા | 04 | 07 |
| 4. | ભારતનો સાહિત્યિક વારસો | 04 | 04 |
| 5. | ભારતનો વિજ્ઞાન અને ટેકનોલોજીનો વારસો | 04 | 08 |
| 6. | ભારતના સાંસ્કૃતિક વારસાના સ્થળો | 04 | 04 |
| 7. | આપણા વારસાનું જતન | 03 | 03 |
| 8. | કુદરતી સંસાધનો | 04 | 07 |
| 9. | વન અને વન્યજીવ સંસાધન | 04 | 04 |
| 10. | ભારત : કૃષિ | 05 | 09 |
| 11. | ભારત : જળ સંસાધન | 04 | 04 |
| 12. | ભારત : ખનિજ અને શક્તિનાં સંસાધનો | 03 | 05 |
| 13. | ઉત્પાદન ઉદ્યોગો | 03 | 05 |
| 14. | પરિવહન, સંદેશા વ્યવહાર અને વ્યાપાર | 03 | 03 |
| 15. | આર્થિક વિકાસ | 04 | 04 |
| 16. | આર્થિક ઉદારીકરણ અને વૈશ્વિકીકરણ | 04 | 04 |
| 17. | આર્થિક સમસ્યાઓ અને પડકારો : ગરીબી અને બેરોજગારી | 04 | 08 |
| 18. | ભાવવધારો અને ગ્રાહક જાગૃતિ | 04 | 07 |
| 19. | માનવ વિકાસ | 04 | 04 |
| 20. | ભારતની સામાજિક સમસ્યાઓ અને પડકારો | 05 | 05 |
| 21. | સામાજિક પરિવર્તન | 04 | 04 |
| | કુલ | **80** | **109** |

**નોંધ :** જનરલ વિકલ્પ સાથે દર્શાવેલ પ્રશ્નના ગુણ નમૂનાના પ્રશ્નપત્ર પ્રમાણે દર્શાવેલ છે. અન્ય પ્રશ્નપત્ર માટે આ ગુણ અલગ હોઈ શકે છે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ 2023-24**
**ધોરણ-10 : સામાજિક વિજ્ઞાન**
**વાર્ષિક પરીક્ષા**

**સમય : 3 કલાક** **પ્રશ્નપત્રનું માળખું** **કુલ ગુણ : 80**

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નપત્રની વિગત | ગુણ |
|---|---|---|
| | **વિભાગ - A** | |
| 1 થી 24 | નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. 24 પ્રશ્નો હેતુલક્ષી. (દરેકનો 01 ગુણ)<br>● યોગ્ય જોડકાં જોડો. (01 થી 05)<br>● વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો. (06 થી 10)<br>● ખાલી જગ્યા પૂરો. (11 થી 15)<br>● યોગ્ય વિકલ્પ પસંદ કરી M.C.Q. ના જવાબ આપો. (16 થી 20)<br>● એક-બે શબ્દોમાં જવાબ આપો. (21 થી 24) | 24 |
| | **વિભાગ - B** | |
| 25 થી 37 | નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. 13 (તેર)માંથી કોઈ પણ 9 (નવ) (દરેકના 02 ગુણ) પ્રશ્નક્રમાંક 25 થી 37 ના આશરે 15 થી 35 શબ્દોમાં જવાબ આપો, જેમાં નીચે મુજબના પ્રશ્નો પૂછી શકાશે.<br>● વિધાન સમજાવો / કારણ આપો.<br>● નીચે આપેલી વ્યક્તિઓનો પરિચય આપો.<br>● નીચે આપેલા ઐતિહાસિક / ભૌગોલિક સ્થળોની ઓળખ આપો.<br>● પારિભાષિક શબ્દો / સંકલ્પનાઓ સમજાવો.<br>● મને ઓળખો.<br>● ટૂંકમાં જવાબ આપો.<br>● નીચે આપેલ પરિસ્થિતિજન્ય પ્રશ્નોના જવાબ વિચારીને લખો. | 18 |
| | **વિભાગ - C** | |
| 38 થી 46 | પ્રશ્નક્રમાંક 38 થી 46 ના જવાબ આશરે 60 થી 80 શબ્દોમાં લખો. 9 (નવ)માંથી કોઈપણ 6 (છ)ના જવાબ લખો. (દરેકના 03 ગુણ)<br>● ટૂંકનોંધ.<br>● તફાવત.<br>● ચિત્રો જોઈને જવાબ લખો.<br>● ઉપાયો/અસરો/પરિણામો/પરિબળો લખો.<br>● ઉચ્ચ વૈચારિક કૌશલ્ય ધરાવતા પ્રશ્નનો જવાબ. (HOTS) | 18 |
| | **વિભાગ - D** | |
| 47 થી 54 | પ્રશ્નક્રમાંક 47 થી 53 પ્રશ્નનાં આશરે 120 થી 150 શબ્દોમાં સવિસ્તાર જવાબ લખો. 07 (સાત) માંથી કોઈપણ 04 (ચાર) પ્રશ્નોના જવાબ લખો. (દરેકના 04 ગુણ) અને નકશાનો પ્રશ્ન નં.54 ફરજિયાત છે. પ્રશ્ન નં. 54 તમને આપેલ ભારતના રેખાંકિત નકશામાં નીચેના સ્થાન દર્શાવો. નકશામાં ચાર સ્થળો યોગ્ય સ્થળે દર્શાવો. દરેકનો એક ગુણ. કુલ ગુણ 04 છે. | 20 |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ 2023-24**
**ધોરણ-10 : સામાજિક વિજ્ઞાન**
**વાર્ષિક પરીક્ષા**

**સમય : 3 કલાક** **નમૂનાનું પ્રશ્નપત્ર** **કુલ ગુણ : 80**

**સૂચનાઓ :**

- આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગો આપેલા છે અને 54 પ્રશ્નો છે.
- વિકલ્પો આંતરિક આપેલા છે.
- પ્રશ્નોના જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.

## વિભાગ - A

- **નીચે આપેલા 1 થી 24 પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. (દરેકનો 1 ગુણ)** **[24]**
- **યોગ્ય જોડકાં જોડો.**

| (A) | (B) |
|---|---|
| (1) ધોળાવીરા | (A) સુરત |
| (2) જરીકામ | (B) ઍલ્યુમિનિયમ |
| (3) કાઝીરંગા | (C) ન્યૂયોર્ક |
| (4) બોક્સાઈટ | (D) જિનિવા |
| (5) વિશ્વ વ્યાપાર સંગઠન | (E) અસમ |
| | (F) કચ્છ જિલ્લો |

- **નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

(6) બિહારના પટણા જિલ્લાના બડગાંવ નામના ગામ પાસે પ્રાચીન નાલંદા વિદ્યાપીઠ આવેલી છે.
(7) લોથલ અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકામાં આવેલું છે.
(8) 15 માર્ચને 'વિશ્વ ગ્રાહક અધિકાર દિન' તરીકે ઊજવવામાં આવે છે.
(9) માનવ વિકાસ આંક વર્ષ 2015માં નેપાળ પ્રથમ ક્રમે છે.
(10) આતંકવાદ વૈશ્વિક સમસ્યા છે.

- **નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

(11) વિદેશી પર્યટકો આવવાથી વિદેશી ____________ ભારતને પ્રાપ્ત થાય છે.
(હુંડિયામણ, નિકાસ, શ્રમબજાર)
(12) ઈ.સ. ______________ માં વન્યજીવોને લગતો કાયદો અમલમાં આવ્યો છે.
(ઈ.સ. 1940, ઈ.સ.1972, ઈ.સ.1952)
(13) પૃથ્વી પર જળ સંસાધનનો મૂળ સ્ત્રોત ____________ છે. (તળાવ, પૃષ્ઠીય જળ, વૃષ્ટિ)
(14) કાવેરી નદીમાંથી ____________ નામે જાણીતી નહેરનું નિર્માણ બીજી સદીમાં થયું હતું.
(પૂર્વીય યમુના, ગ્રાન્ડ ઍનિકટ, ગોદાવરી)
(15) ____________ ની રેલવેએ દુર્ગમ પર્વતીય વિસ્તારોમાં સુરંગો ખોદી માર્ગ બનાવી શ્રેષ્ઠ ઈજનેરી કૌશલ્યનું દૃષ્ટાંત પૂરું પાડયું છે. (કોકણ, ટ્રામ્બે વિવેક)

- **નીચેના પ્રશ્નોના આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો.**

(16) સાચો ક્રમ પસંદ કરી જોડકાં જોડો.

| | | | |
|---|---|---|---|
| (1) | શ્રી હેમચંદ્રાચાર્ય ગ્રંથાલય | (A) | મુંબઈ |
| (2) | ભારતીય સંગ્રહાલય | (B) | ભોપાલ |
| (3) | છત્રપતિ શિવાજી મહારાજ સંગ્રહાલય | (C) | પાટણ |
| (4) | રાષ્ટ્રીય માનવ સંગ્રહાલય | (D) | કોલકાતા |

(A) (1-C), (2-D), (3-A), (4-B)
(B) (1-A), (2-B), (3-D), (4-C)
(C) (1-A), (2-C), (3-B), (4-C)
(D) (1-B), (2-D), (3-C), (4-A)

(17) વર્ગખંડમાં 'ખેત તલાવડી' વિશે વિદ્યાર્થીઓની ચર્ચા દરમિયાન રજૂ થયેલું કયું વિધાન યોગ્ય છે?

(A) જય : તે પીવા યોગ્ય પાણીની પ્રાપ્તિનું મહત્ત્વનું સંસાધન છે.
(B) યશ : તે વધુ વૃક્ષો વાવો આંદોલનનું મહત્ત્વનું અંગ છે.
(C) યુગ : તે જમીનનું ધોવાણ અટકાવવાની આધુનિક તકનિક છે.
(D) દક્ષ : તે વૃષ્ટિ જળસંચયની એક પધ્ધતિ છે.

(18) પૃષ્ઠીય જળનો મુખ્ય સ્ત્રોત ક્યો છે?

(A) વૃષ્ટિ (B) તળાવો (C) નદીઓ (D) સરોવર

(19) આર્થિક રીતે ભારત કેવો દેશ છે?

(A) વિકસિત (B) પછાત (C) વિકાસશીલ (D) ગરીબ

(20) પશુપાલન વ્યવસાયનો સમાવેશ અર્થતંત્રના કયા વિભાગમાં કરવામાં આવે છે?

(A) માધ્યમિક ક્ષેત્ર (B) પ્રાથમિક ક્ષેત્ર (C) સેવાક્ષેત્ર (D) આપેલ ત્રણેય

- **નીચેના પ્રશ્નોના એક-બે શબ્દોમાં જવાબ લખો.**

(21) બે દેશો વચ્ચે ચાલતા વેપારને શું કહેવામાં આવે છે?

(22) ગુજરાતનું સૌથી મોટું રેલવે સ્ટેશન કયું છે?

(23) માતા પોતાના બાળકને ઉછેરે છે આ કઈ પ્રવૃત્તિ કહેવાય?

(24) સેવા ક્ષેત્રમાં કઈ કઈ સેવાઓનો સમાવેશ થાય છે?

## વિભાગ - B

- **નીચે આપેલા કુલ તેર (13) પ્રશ્નોમાંથી કોઈપણ નવ (09) પ્રશ્નોના જવાબ લખો. (દરેકના 2 ગુણ) (25 થી 37 પ્રશ્નો)** **[18]**

(25) નેગ્રીટો (હબસી) પ્રજા વિશે ટૂંકી માહિતી આપો.

(26) ''ભારત પ્રાચીન સંસ્કૃતિ ધરાવતો દેશ છે.'' - વિધાન સમજાવો.

(27) પાટણના પટોળા વિશે ટૂંકમાં માહિતી આપો.

(28) માનવજીવન અને માટી વચ્ચે ઘણો જ પ્રાચીન સંબંધ રહ્યો છે. - વિધાન સમજાવો.

(29) કોણાર્કના સૂર્યમંદિર વિશે લખો.

(30) 'પ્રાચીન સમયથી ભારત તીર્થભૂમિ રહ્યું છે.' - વિધાન સમજાવો.

(31) જંગલ વિનાશનાં કારણો જણાવો.

(32) પારિભાષિક શબ્દોનો અર્થ : (1) ખનીજ (2) બૉક્સાઈટ

(33) ચૂનાના પથ્થરના ઉપયોગો લખો.

(34) મને ઓળખો : (1) સનરાઈઝ ઈન્ડસ્ટ્રીઝ (2) પૂર્વનું માન્ચેસ્ટર

(35) શણ ઉદ્યોગ કઈ-કઈ સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે. સમજાવો.

(36) આતંકવાદની આર્થિક અસરો જણાવો.

(37) સાંપ્રદાયિકતા દૂર કરવાના ઉપાયો લખો. (ગમે તે ચાર ઉપાયો)

## વિભાગ - C

- **નીચે આપેલા કુલ નવ પ્રશ્નોમાંથી કોઈપણ છ પ્રશ્નોના મુદ્દાસર જવાબો લખો. (38 થી 46)** (દરેકના 3 ગુણ) **[18]**

(38) નીચેનું ચિત્ર જોઈને સવાલોના જવાબ આપો.

(1) આ કયા સ્તૂપનું ચિત્ર છે?

(2) આ સ્તૂપ કયા રાજ્યમાં આવેલો છે?

(3) આ સ્તૂપ કયા ધર્મનાં સ્થાપત્ય કલાનો અમૂલ્ય નમૂનો છે.



(39) ગુજરાતના પ્રસિદ્ધ સૂર્યમંદિર-મોઢેરાનો પરિચય આપો.

(40) પ્રારંભિક બૌધ્ધ સાહિત્ય વિશે જણાવો.

(41) જમીન ધોવાણ અટકાવવાના ઉપાયો લખો.

(42) કાળી જમીનને ‘કપાસની જમીન’ કહેવામાં આવે છે. કારણ આપો.

(43) ટૂંક નોંધ - વિશ્વ વ્યાપાર સંગઠન

(44) નીચે આપેલા ચિત્રોને ઓળખી તેના પૂરા નામ લખો.



(45) ગ્રાહકોનું શોષણ થવાનાં કારણો જણાવો.

(46) ગુજરાત સરકારે મહિલા સમાનતા માટે કઈ-કઈ યોજનાઓ અમલમાં મૂકેલ છે ?

## વિભાગ - D

- **નીચે આપેલા 47 થી 53 પ્રશ્નોમાંથી કોઈપણ ચાર પ્રશ્નોના જવાબ લખો અને પ્રશ્ન નંબર-54 નકશો ફરજિયાત છે.**
  (દરેકના 5 ગુણ) **[20]**

(47) ગણિતથી દુનિયાનો વ્યવહાર ચાલે છે તે વિસ્તારથી સમજાવો.

(48) વૈદક વિદ્યા અને શૈલ્ય ચિકિત્સામાં પ્રાચીન ભારતનું મહત્ત્વ સમજાવો.

(49) ઘઉંના પાકના અનુકૂળ સંજોગો જણાવો.

(50) ભારતમાં કૃષિક્ષેત્રે થયેલા ટૅક્નિકલ સુધારાઓ જણાવો.

(51) ગરીબી રેખાથી નીચે જીવતા લોકોના સામાન્ય લક્ષણો જણાવો.

(52) બેરોજગારીનાં મુખ્ય સ્વરૂપો (પ્રકાર) વિશે માહિતી આપો.

(53) બાળમજૂરી અટકાવવાના ઉપાયો જણાવો.

(54) ભારતનાં રેખાંકિત નકશામાં નીચેની વિગતો આપેલા નકશામાં યોગ્ય સંજ્ઞાઓ વડે યોગ્ય સ્થાને દર્શાવો.

(1) રણ પ્રકારની જમીન

(2) ગીર રાષ્ટ્રીય ઉદ્યાન

(3) ચા પકવતો પ્રદેશ

(4) સુતરાઉ કાપડનું એક કેન્દ્ર મુંબઈ

- દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે - નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(1) રણ પ્રકારની જમીન ક્યાં રાજ્યમાં આવેલી છે ?

(2) ગીર રાષ્ટ્રીય ઉદ્યાન ક્યા રાજ્યમાં આવેલું છે ?

(3) ભારતમાં ચા ઉત્પન્ન કરતો પ્રદેશ કયો છે ?

(4) સુતરાઉ કાપડ ઉદ્યોગના કેન્દ્રનું નામ લખો.

●●●